હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પ્રાણાયમ થી ઘણઓ ફાયદો થાય છે...ઘર આગળથી કચરો નિયમીત ન ઊઠાવે ત્યારે...હુ પ્રાણાયમ કરી રાહત અનુભવુ છુ...!!!

શહેરના બજારમાં કંકોડાનું આગમન

ચોમાસાની સિઝનમાં વિશ્વમાં સૌથી તંદુરસ્ત મનાતા કંકોડા

ગાંધીનગર, તા. ૨૧

વરસાદના આગમન સાથે જ બજારોમાં કંકોડાનું આગમન થયું છે. સામાન્ય રીતે બજારમાં વિવિધ શાકભાજીનું વેચાણ થતું હોય છે. પરંતુ તે પૈકી કંકોડા સર્વોપરી મનાય છે. ગુણ અને આરોગ્યની દ્રિષ્ટએ તેનું મહત્વ ઘણું બધુ છે. આયુર્વેદિક દ્રષ્ટિએ પણ કંકોડા અમુક રોગ માટે અકસીર ઈલાજ સમાન છે. તેથી જ સ્વાદપ્રિય લોકો માટે કંકોડા અમૃતસમાન કહેવાય છે.

હાલ બજારમાં કંકોડાનું આગમન થઈ ચૂકયું છે

આમ તો ચોમાસાના દિવસોમાં શાકભાજીની અછત જોવા મળે છે. તેના લીધે એના ભાવમાં પણ વધારો થતો હોય છે. પરંતુ ચોમાસાની સઝિનનું સર્વોપરી શાક જેને કહેવાય છે તે કંકોડાનું બજારમાં આગમન થઈ ચૂકયું છે. વરસાદના દિવસોમાં તેના સ્વાદનો ચસકો લેવો તેવું અચૂક મનાય છે કારણ કે અન્ય શાકભાજીની જેમ તે બારેમાસ મળતા નથી. સામાન્ય રીતે કંકોડા ડુંગરાળ પ્રદેશમાં જ થતાં હોય છે. અહીં તે વેલ સ્વરૂપે ઉગે છે અને તે ક્રમશઃ વિકસે છે. તેનું આયુષ્યકાળ માત્ર બે થી ત્રણ માસ જેટલું મર્યોદિત હોય છે. તેથી ચોમાસાની સિઝન પછી કંકોડા શોધ્યા જડતા નથી. જ્યારે ગુણધર્મની વાત કરીએ તો સાવ બરછટ અને કાંટાદાર જેવા દેખાતા કંકોડાનું આયુર્વેદિક મહત્વ પણ છે. ઘણાખરા રોગ માટે તે અકસીર ઈલાજ સમાન છે. આમ જોઈએ તો ગુણ અને આરોગ્ય બંને માટે તે અતિ હિતકારી હોઈ તેને ચોમાસાની સિઝનનું સર્વોપરી શાક કહેવાય છે. આજકાલના જમાનામાં જંકફૂડનો એટલો ક્રેજ વધી ચૂક્યો છે કે લોકો પોતાના શરીરને જરૂરી તાકાત આપનાર સબ્જી, દાળનું સેવન ઓછું કરે છે. પરંતુ ખૂબ ઓછા લોકો જાણે છે કે કેટલીક શાકભાજીઓ એવી છે, જેને થોડા દિવસ ખાવાથી તેનો ફાયદો મળે છે. આ દુનિયાની સૌથી તાકતવર સબ્જી છે. તેને ઔષધિના રૂપમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. આ સબ્જીમાં એટલી તાકાત હોય છે કે થોડા દિવસોના સેવનથી જ તમારું શરીર તંદુરસ્ત બની જાય છે અથવા તો એમ કહીએ કે લોખંડી બની જાય છે. કંકોડાને મીઠા કારેલાના નામે પણ ઓળખવામાં આવે છે. કંકોડાનું શાકમાં વિટામીન બી-૧૨, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, વિટામીન-ડી, કેલ્શિયમ, ઝીંક, કોપર, પોટેશ્યમ, સોડિયમ અને મેગ્નેશ્યમ જેવા તત્વો છે. શરીરમાં લોહીની કમી રહેતી નથી કેમ કે તેમાં પુષ્કળ પ્રમાણમાં આયર્ન હોય છે જે શરીરમાં લોહીનું સ્તર જાળવવામાં મદદ કરે છે. જે લોકોને લોહીની કમી હોય તેમણે સપ્તાહમાં ત્રણ વખત કંકોડાનું સેવન કરવું જોઈએ.

કંકોડાનું ઔષધીય મહત્વ

આયુર્વેદ અને પોષક તત્ત્વોની દૃષ્ટિએ કંકોડા ખૂબ જ ઊંચું મહત્ત્વ ધરાવે છે. કંકોડા અરુચિ, શ્વાસ, મધુપ્રમેહ, કફના રોગો, ઉધરસ, તાવ તથા પેશાબની તકલીફમાં ઉપયોગી ગુણો ધરાવે છે. કંકોડામાં આયોડિન અને વિટામીન-સી પૂરતા પ્રમાણમાં હોય છે.

કેન્સરથી બચાવે

કંકોડામાં ઉપલબ્ધ લ્યુટેન જેવા કેરોટોનોઈડસ વિભિન્ન નેત્ર રોગ, હૃદયરોગ અને કેન્સરની સારવારમાં મદદરૂપ થાય છે.

હાઇબ્લડ પ્રેશર થશે દૂર

કંકોડામાં ઉપલબ્ધ મોમોરડીસિન તત્વ અને ફાઈબરની વધુ માત્રા શરીર માટે રામબાણ છે. મોમોરેડીસિન તત્વ એંટીઓક્સિડેંટ, એંટીડાયબિટીઝ અને એંટીસ્ટેરસની માફક કામ કરે છે અને વજન અને હાઈબ્લડ પ્રેશરને કાબૂમાં રાખે છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું.
- ગુરૂનાનક સાહિબ ટ્રસ્ટ સે. ૩૦ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ૧૩ જેટલા જુનિ. ક્લાર્ક, ૪ સિનિ. ક્લાર્કની બદલીના હુકમો જારી થયા છે.
- ૧લી જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના રૂપાલ અને કલોલના પ્રવાસને લઈ આજે રૂપાલ ખાતે જિલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે બેઠક યોજી તૈયારીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.
- અડાલજમાં આજે એક ૭૫ વર્ષીય વૃદ્ધે ૧૦૮ સૂર્ય નમસ્કાર કરી સૌને અચંબિત કર્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે મહારાષ્ટ્રમાં ઉભા થયેલા રાજકીય સંકટનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.
- જિલ્લાકક્ષાના યોગ કાર્યક્રમના અધ્યક્ષ અને જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ જાતે ગાડી ચલાવી અડાલજ પહોંચ્યા હતા.
- ગાંધીનગરના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે આજે રાહત નિયામકશ્રીના અધ્યક્ષપદે વેધર વૉચ ગૃપની બેઠક મળી હતી.
- ગાંધીનગરમાં વિવિધ સેક્ટરોમાં ખાસ કરીને સે. ૧૯માં છેલ્લા કેટલાક દિવસથી સાપ નીકળવાની ઘટનાઓ વધી છે.
- ૨૩મી જૂને યોજાનાર રાજ્ય સ્વાગતનો કાર્યક્રમ મોકુફ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૧ જૂન, ૨૨ જૂન અને ૨૪-૨૫ જૂને છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે આજે કરી છે.

ગુરૂવારે યોજાનારો ''રાજ્ય સ્વાગત'' કાર્યક્રમ મૂલત્વી

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આગામી ગુરૂવાર તા. ૨૩ જૂન-૨૦૨૨ના યોજાનારો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ મૂલત્વી રાખવામાં આવ્યો છે.રાજ્યના નાગરિકો-પ્રજાજનોની સમસ્યાઓ, રજૂઆતોના ટેક્નોલોજીના માધ્યમથી સ્થળ પર નિવારણનો આ સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રિવન્સીસ થ્રૂ એપ્લીકેશન ઓફ ટેક્નોલોજી 'સ્વાગત'નો રાજ્યકક્ષાનો કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે ગાંધીનગરમાં યોજવામાં આવે છે. આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી સ્વયં ઉપસ્થિત રહીને લોકોની રજુઆતો સાંભળતા હોય છે અને સંબંધિત તંત્રવાહકોને જરૂરી માર્ગદર્શન આપતા હોય છે. આગામી ગુરૂવાર તા. ૨૩ મી જૂન-૨૦૨૨ના ગાંધીનગર ખાતે યોજાનારો આવો રાજ્ય સ્વાગત કાર્યક્રમ અનિવાર્ય કારણોસર યોજાશે નહિ.મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ દ્વારા સૌ અરજદાર નાગરિકોને આ અંગેની નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે તમામ બાળકોને સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૧

મગોડી હાઈસ્કૂલ પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ધોરણ-૧ થી ૧૨ માં ભણતા તમામ વિદ્યાર્થીઓને દાતાઓ તરફથી એક-એક શાળા યુનિફોર્મ ફ્રી માં આપવામાં આવ્યા હતા. આ સેવાકીય ભગીરથ કાર્યમાં દાતાઓમાં રજનીભાઈ કે. પટેલ (યુ.એસ.એ.), ઠક્કર પરિવાર (યુ.એસ.એ.) તેમજ મનોજભાઈ બિહોલા (આફ્રિકા) તરફથી ખૂબજ સારો સહકાર મળ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને દાતાઓ તરફથી સ્કૂલ ડ્રેસનું વિતરણ કરવા બદલ મંડળના પ્રમુખ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ દાતાઓનો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કર્યો હતો.

બાવન વાંટા રાજપૂત સમાજનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર અને અમદાવાદ ખાતે બાવન વાંટા રાજપૂત સમાજના ૨૦૦ થી વધુ કુટુંબી વસે છે. બાવન વાંટા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારંભ ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ સંમેલનમાં સમાજના ૮૫ તેજસ્વી વિદ્યાર્થીઓનું કિશોર ઈન્સ્ટીટ્યૂટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના ઉત્કર્ષ માટે કાર્યકર્તાઓએ સ્વૈચ્છિક જવાબદારી પણ સ્વીકારી હતી. સમાજના જ એક સૈકો વટાવી ચૂકેલા મહાનુભાવનું તેમજ દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમને સફળ બનાવવા બેંક ઓફ બરોડા તેમજ બેંક ઓફ ઈન્ડિયાનો પણ સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમના દાતાઓ મહેન્દ્રસિંહ રાજપૂત, કિશોર ઈન્સ્ટિટ્યૂટ અને કિશોરસિંહ પી. બારડનો આભાર માનવામાં આવ્યો હતો. જસવંતસિંહ એમ. વાઘેલાએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં વિશ્વયોગ દિવસની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

૨૧મી જૂન વિશ્વયોગ દિવસની ભવ્ય ઉજવણી પ્રસંગે ગાંધીનગર તાલુકાની ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળાના પટાંગણમાં ગામના સરપંચ જયમીનભાઈ પટેલ, પીએલવી નટુભાઈ પટેલ, વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ, ડૉ. કૌશલ નાયક, અલ્પાબેન પટેલ, હાર્દિક પ્રજાપતિ તથા શાળાનો સ્ટાફ પરિવાર સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ ટ્રેનર દ્વારા બે કલાક યોગ, પ્રાણાયામ, આસનો, ધ્યાન, યમ, ધારણા, પ્રત્યાહનનું નિદર્શન દ્વારા સુંદર માર્ગદર્શન હેઠળ રસપૂર્વક તાલીમબદ્ધ યોગ દિવસની ઉજવણી કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાઘેલા શણગારબા લક્ષ્મણસિંહ,** ઉ.વ. ૯૫, સેકટર-૨
- **સ્વ. પરમાર ભાનુબેન સુરેશભાઈ,** ઉ.વ. ૨૬, પીંડારડા
- **સ્વ. ડાભી જશુજી ગુલાબજી,** ઉ.વ. ૫૫, પેથાપુર
- **સ્વ. દવે યશ દિલીપભાઈ,** ઉ.વ. ૩૨, રાયસણ
- **સ્વ. રાઠોડ સહદેવસિંહ પ્રતાપસિંહ,** ઉ.વ. ૪૧, કોલવડા
- **સ્વ. પરમાર ડાહીબેન ગોવિંદલાલ,** ઉ.વ. ૭૨, પ્રાંતિયા

શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરી કરવા જતા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી મુસાફરોના ખીસ્સા હળવા કરતી ટોળકી સક્રિય થઈ છે. બસમાં બેસવા જતા સમયે ભીડનો લાભ લઈ મોબાઈલ ચોરી પણ ટોળકી કરી લે છે. ત્યારે આજે બસમાં બેસવા જતા યુવકના મોબાઈલ ચોરી કરવા જતા બે શખ્સોને પકડી પાડી મુસાફરોએ બરાબરનો મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી મુસાફરોના પાકીટ, મોબાઈલ તેમજ રૂપીયા ચોરી થવાના કિસ્સા ઘણા સમયથી બની રહ્યા છે. એસટી ડેપોમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. બસમાં બેસવા જતા સમયે ભીડનો લાભ લઈ ટોળકીના સભ્યો મુસાફરોના ખીસ્સા હળવા કરી દે છે.જયારે તાજેતરમાં એક યુવકનો મોબાઈલ ચોરી કરવા જતા યુવકે પેલા શખ્સનો હાથ પકડી લેતા મોબાઈલ ચોરી થતા બચી ગયો હતો. ત્યારે શહેરના એસટી ડેપોમાં રોજના હજજારો મુસાફરો આવન જાવન કરે છે. પરંતુ ડેપોમાં પોલીસ ચોકી ન હોવાથી ચોર શખ્સોને મોકળુ મેદાન મળી જાય છે.

ઈડીનો દુરઉપયોગ કરી રાજકીય અગ્રણીઓને ફસાવવામાં આવી રહ્યા છે તેવા આક્ષેપ સાથે કોંગ્રેસ દ્વારા ધરણા યોજવામાં આવ્યા હતા. કોંગ્રેસના અગ્રણીઓ અરવિંદસિંહ સોલંકી, ડૉ. હિમાંશુ પટેલ અને વિજયભાઈ સોલંકી સહિત કાર્યકરો ધરણા કાર્યક્રમમાં જોડાયા હતા.

વનવિભાગના રોજમદાર કર્મચારીઓ દ્વારા ધરણા યોજાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયના વનવિભાગના રોજમદાર કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોને મુદ્દે ધરણાનો કાર્યક્રમ યોજયો હતો. જેમાં રોજમદાર કર્મચારીઓ મોટીસંખ્યામાં જોડાયા હતા. વનવિભાગના રોજમદાર કર્મચારીઓને સાતમા પગારપંચ આપવા મુદ્દે પણ તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવે છે. ત્યારે રોજમદારોની પડતર માંગણીઓ મુદ્દે ઝડપી નિરાકરણ આવે તે માટે ગુજરાત વન શ્રમયોગી સંઘ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયના વન વિભાગના રોજમદારોનું કર્મચારી યુનિયન ગુજરાત વન શ્રમયોગી સંઘ છે. સરકાર સમક્ષ યુનિયન દ્વારા અનેકવાર રજુઆત કરાઈ છે.પરંતુ જવાબમાં તમારા પ્રશ્નો નિતિ વિષયક હોવાથી અલગ ટાઈમ લાગશે તેવા જવાબો સાંભળવા મળે છે. સુપ્રિમકોર્ટના તા.૯-૭-૧૩ અને ૧૫-૨-૧૯ ના જજમેન્ટ હોવા છતા રોજમદારને રાજય સરકારના કર્મચારી ગણવામાં આવતા નથી. જયારે તા.૧૧ જાન્યુઆરી ૨૨ ના રોજ વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવ દ્વારા સ્પેસ્યલ પરિપત્ર બહાર પાડીને સાતમાં પગાર પંચ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે.

જયારે પરિપત્રમાં જણાવેલ છે કે તેમ રાજય સરકારના કર્મચારીમાં આવતા નથી, તો શુ રાજય બહારના રોજમદાર ગણવામાં આવે છે.જયારે તેમને જે લાભ આપવામાં આવ્યા છે.તે રાજય સરકારની સહાનુભુતિ થી આપાવમાં આવે છે. ત્યારે વનવિભાગના દરેક રોજમદારના અનેક પ્રશ્નો છે, તેને સરકાર સુધી રજુઆત કરવા માટે આજરોજ છાવણી ખાતે ધરણા પર રોજમદાર બેઠા હતા.

ડભોડા ચાવડાનગરના મકાનના ધાબા પરથી જુગાર ધામ ઝડપાયું

૧૬ જુગારીઓને પોલીસે રૂ.૫.૭૪લાખની મત્તા સાથે ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૨૧

ડભોડા પંડ્યા ફાર્મ નજીક ચાવડાનગરના રહેણાક મકાનના ધાબા પર ધમધોકાર ચાલી રહેલુ જુગારધામ એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે ૧૬ જુગારીઓને પકડી પાડી કુલ રૂ.૪.૦૬ લાખ રોકડ તેમજ ૧૪ નંગ મોબાઈલ મળી કુલ રૂ.૫.૭૪લાખની મત્તા જપ્ત કરાઈ છે. ત્યારે ઘરની પાસે માતાજીની જાતરમાંથી આસપાસના લોકોની આંખોમાં ધુળ નાખી ધાબા પર જુગાર રમવા માટે જુગારીઓ બેઠા હતા

મળતી વિગત મુજબ ગાંધીનગરના ત્રણ વ્યકિતઓએ જુગારધામ ચલાવવા માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી હોવાનું જાણને પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી. ત્રણ મિત્રોએ વિવિધ જગ્યાએ ધાર્મિક કાર્યક્રમો યોજી જે તે સ્થળે જુગારનું બોર્ડ ગોઠવી જુગાર રમવા જુગારીઓને બોલાવવા આવતા હોવાનું ધ્યાને આવ્યું છે. એલસીબી પોલીસ મથકના જવાનોની ટીમ પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા રતનસિંહ ચતુરસિંહને બાતમી મળી હતી કે ત્રણ મિત્રો દિનેશ ઉર્ફે દિનશા અંબાલાલ પટેલ, દશરથ પૂજાજી ઠાકોર અને કિરણજી સુરસંગજી સોલંકી જુગારધામ ચલાવી રહ્યા હતા. એલસીબી પોલીસે ડભોડા પંડ્યા ફાર્મ ની બાજુમાં ચાવડાનગરમાં કિરણજી સોલંકી ના ઘરે દરોડા પાડ્યો હતો. તે સમયે ઘરની આગળ માતાજીની જાતર ચાલી રહી હતી,જેમાં ગ્રામજનો ભકિતમાં તલ્લીન હતા અને બીજીતરફ એજ ધાબા પર કેટલાક શખ્સો લાઈટના અજવાળે અંદર બહારનો જુગાર રમી રહ્યા હતા. એલસીબી પોલીસના જવાનો ધાબા પર જોઈને જોયુ તો એક શખ્સ જોર જોરથી અંદર બહાર બુમો પાડતો હતો. જયારે પોલીસને જોઈ કેટલાક ઈસમો ભાગી જવામાં સફળ રહ્યા હતા.જયારે કુંળાડુ વળીને જુગાર રમી રહેલા સચિન દિલિપ પટેલ (મહાદેવ વાળો વાસ નિકોલ), નિતિન દિનેશજી ઠાકોર (નાનો ઠાકોર વાસ નિકોલ) આશિષ સુરેશ યાદવ(રહે.સાગર શોંપીગ સેન્ટર) ચેતન ઉર્ફે બિલ્લો બાબુજી ઠાકોર(પગીવાસ કોલવડા) ગોપાલ કેશાજી ઠાકોર, મેલા જવાનજી ઠાકોર, (બંને રહે મુખીવાસ વેજલપુર ગામ), લાલ સિંહ પ્રતાપસિંહ ચૌહાણ, દર્શન જગદીશ પટેલ, રણજીત ગાભુજી ચાવડા, દિલિપ અમૃતલાલ પઢાર, મહોબત ચેહરાજી ઠાકોર, મોના લાલાજી ઠાકોર, ભરત નટવરજી ઠાકોર,ગોપાલ કેશરીસિંહ ચૌહાણ, લાલ શનાજી ઠાકોર, પરબત બબાજી પરમાર મળીને કુલ ૧૬ શખ્સોને પકડી પાડ્યા હતા. જયારે જુગારધામના મુખ્ય સુત્રધાર દિનેશ પુંજાજી ઠાકોર, અને કિરણ સુરસંગજી સોલંકી નાસી ગયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૪.૦૬ લાખ રોકડા મોબાઈલ ફોન નંગ-૧૪ કિં.૧.૬૮ લાખ તેમજ જુગાર રમવાનું સાહિત્ય મળી કુલ રૂ.૫.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે સામૂહિક યોગાભ્યાસ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. ભારત દેશની સ્વતંત્રતાના ૭૫મા વર્ષની આઝાદી કા અમૃત મહોત્સવ શીર્ષક અંતર્ગત દેશભરમાં થઈ રહેલી ઉજવણીમાં ગૂજરાત વિદ્યાપીઠે સામૂહિક યોગાભ્યાસ કરી યોગ દિવસ મનાવ્યો હતો. ડૉ. ધર્મેશ પટેલ અને ડોલીબેન દ્વારા યોગ કરાવી, પ્રયોગ દ્વારા સાચી સમજ આપવામાં આવેલ. યોગ એક સંશોધનાત્મક અને પ્રયોગાત્મક માર્ગ છે. યોગાભ્યાસ દ્વારા શરીરનું બેલેન્સ જાળવવા વિશેષ જોર લગાવવાની આવશ્યકતા હોતી નથી. ડૉ. રાજીવ પટેલે સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન આપ્યુ હતુ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. લોકેશ જૈને કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ અને અને ડૉ. હસમુખ પંચાલે તમામ યુવાઓનોને યોગ દ્વારા સ્વસ્થ રહી મસ્ત રહેવા જણાવ્યુ હતુ.

બોરીજ સર્કીટ હાઉસ પરા વિસ્તારમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૧

શહેરના બોરીજ સર્કીટ હાઉસ પરા ખાતે મકાનની બાજુમાં ખુલ્લા પ્લોટમાં પડી રહેલી રેતીમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો છે. પોલીસે રેતીમાંથી દારૂ બિયરના ટીન મળી કુલ નંગ-૫૩, કિં.૨૬,૮૭૫ તેમજ મોબાઈલ ફોન કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૩૬,૮૭૫ નો મુદ્દામાલ સાથે યુવકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સર્કીટ હાઉસવાળા પરામાં જવાના માર્ગે નર્સરી આગળ મહાવીરસિંગ કુબેરસિંહને બાતમી મળી હતી કે અગાઉ વિદેશી દારૂના ગુનામાં પકડાયેલા હિતેશ નાગજી દંતાણી રહે બારીજ સરકીટ હાઉશ વાળુ પરામાં મકાનની બાજુમાં પ્લોટમાં પડેલી રેતીમાં ભારતીય બનાવટનો વિદેશી દારુ જથ્થો પડ્યો છે. ત્યારે પોલીસે દારૂ સંતાડીને ખાનગીમાં વેચાણ કરી રહ્યા છે.જેથી પોલીસે રેઈડ પાડતા ખાટલામાં બેઠેલા શખ્સ પોલીસને જોઈ ભાગવા જતા પોલીસે પકડી પાડ્યો હતો. જયારે પોલીસે ખુલ્લા પ્લોટમાં પડેલી રેતી એ ઈંટોની તપાસ કરતા દારૂની તેમજ બિયરના ટીન કુલ નંગ-૫૩ મળી આવ્યા છે. પોલીસે રૂ.૨૬,૮૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. એક મોબાઈલ ફોન કિં.૧૦ હાજર મળી કુલ ૩૬,૮૭૫ નો મુદ્દામાલ કબ્જે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જન્મદિને વધામણી

આલોક
પ્રફુલકુમાર પરમાર
મો. ૭૫૭૫૦ ૭૬૪૧૯

મિતેન્દ્રસિંહ ભાટી
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯

મેઘ કલ્પેશ ગોસ્વામી
મો. ૮૧૪૧૮ ૦૦૧૭૭

લાભેશ કે. અજબાણી

શાલિન ગાંધી